પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૭૫ | ૧૭ ડિસેમ્બર, ૨૦૨૧, શુક્રવાર; માગશર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઈલેક્શન કાર્ડને આધાર કાર્ડ સાથે જોડાશે

**ચૂંટણી સુધારાને લઈને કેન્દ્ર સરકારનો મહત્વનો નિર્ણય : કેન્દ્રીય મંત્રી મંડળ તરફથી મંજૂર કરવામાં આવેલા બિલમાં સર્વિસ વોટર્સ માટે ચૂંટણી કાયદાને જેન્ડર ન્યૂટ્રલ પણ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો**



નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્રીયમંત્રી મંડળે ચૂંટણી સુધારાઓને લઈ એક મહત્વનો નિર્ણય લીધો છે. બુધવારે એકબિલને મંજૂરી આપવામાં આવી છે જેમાં બોગસ મતદાન અને મતદાર યાદીમાં રીપિટેશનરોકવા માટે મતદાતા ઓળખ પત્ર (વોટર કાર્ડ)ને આધાર કાર્ડ સાથે જોડવા, એક જમતદાર યાદી તૈયાર કરવા જેવા નિર્ણયોનો સમાવેશ થાય છે. મંત્રી મંડળ તરફથીમંજૂર કરવામાં આવેલા બિલમાં સર્વિસ વોટર્સ માટે ચૂંટણી કાયદાને 'જેન્ડરન્યૂટ્રલ' પણ બનાવવામાં આવશે. બિલમાં એવી જોગવાઈ પણ કરવામાં આવી છે કે, હવેએક વર્ષમાં ૪ અલગ અલગ તારીખોએ યુવાનો મતદાતા તરીકે નોંધણી કરી શકશે.

વર્તમાનમાંએવી વ્યવસ્થા હતી કે, ૦૧ જાન્યુઆરીના રોજ કટઓફ તારીખ હોવાના કારણે અનેકયુવાનો મતદાર યાદીમાં વંચિત રહી જતા હતા. માત્ર એક કટઓફ તિથિ હોવાના કારણે ૦૨ જાન્યુઆરીના રોજ ૧૮ વર્ષનું આયુષ્ય પૂર્ણ થયા બાદ પણ યુવાન નોંધણી નહોતોકરાવી શકતો. તેવામાં યુવાનોએ લાંબી રાહ જોવી પડતી હતી. પરંતુ હવે બિલમાંસુધારા બાદ તેમને વર્ષમાં ૪ વખત નોંધણી કરાવવાની તક મળી શકશે.


● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાની ત્રીજી લહેર કોઈ નહીં રોકી શકે : હેલ્થ એક્સપર્ટ

**દક્ષિણ આફ્રિકામાં ઓમિક્રોનના કેસો ઝડપથી વધ્યા છે પણ મોત ઓછા થયા છે અને એવી સ્થિતિ આખી દુનિયામાં રહેવાની આશા છે : ડો.અશોક સેઠ**

નવી દિલ્હી,તા.૧૬

દેશમાં ઓમિક્રોન વેરિયન્ટના કેસો વધતા જઈ રહ્યા છે. એવામાં એક ટોચના હેલ્થ એક્સપર્ટે



ડરામણી વાત કરી છે. તેમણે કહ્યું કે, કોરોના વાયરસની ત્રીજી લહેરને કોઈ રોકી શકશે નહીં. તેમણે સલાહ આપતા કહ્યું કે, લોકોની સુરક્ષા માટે બૂસ્ટર ડોઝ પર વિચાર કરવો જોઈએ, ખાસ કરીને સ્વાસ્થ્યકર્મીઓને સૌથી પહેલા બૂસ્ટર ડોઝ આપી સલામત કરવા જોઈએ. કોરોના વાયરસના નવા વેરિયન્ટ ઓમિક્રોનના વધતા કેસો વચ્ચે ફોર્ટિસ એસ્કોર્ટસ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ ડો.અશોક સેઠે કહ્યું કે, 'તે અટલ છે અને ત્રીજી લહેર આવવાની છે. બૂસ્ટર ડોઝ માટે એક રોડમેપ, ખાસ કરીને એ લોકોની સુરક્ષા માટે બનાવવો જોઈએ, જે કોમરેડિડિટીઝ, ઈમ્યુનોકોમ્પ્રોમાઈઝ્ડ અને હેલ્થકેર વર્કર છે.' દેશભરમાં ઓમિક્રોનના કેસોમાં વધારાને જોતા તેમણે કહ્યું કે, આપણને ખરેખર જોખમ છે અને આપણને તૈયારીઓની જરૂરિયાત છે. ઓમિક્રોન સંક્રમણ બાબતો પર ધ્યાન આપતા ડો. સેઠે કહ્યું કે, વેરિયન્ટ ઘણો જ સંક્રામક છે અને તે ઈમ્યુનિટીથી બચી જાય છે. ડો. સેઠે કહ્યું કે, બીમારીની ગંભીરતા સંપૂર્ણ રીતે વ્યક્તિના શરીરની પ્રતિરક્ષા પ્રતિક્રિયા સાથે સંબંધિત છે. ભારત એક વિશાળ દેશ છે અને હોસ્પિટલમાં ઘણા બધા દર્દીઓનો ભરાવો થઈ શકે છે. ડો. સેઠે ઓમિક્રોન મામલા સંબંધમાં ઈંગ્લેન્ડનું ઉદાહરણ આપતા કહ્યું કે, ઈંગ્લેન્ડમાં જે લોકોનું વેક્સિનેશન નથી થયું અને જેમની પ્રતિરક્ષા પ્રતિક્રિયા ખરાબ છે, તેમને હોસ્પિટલમાં એડમિટ કરાવાઈ રહ્યા છે. જોકે, તેમણે આશા વ્યક્ત કરી કે, આ વેરિયન્ટ એક ઈમર્જન્સી સમસ્યા ઊભી નહીં કરે, જેના માટે ઓક્સિજનની જરૂર પડે. બીજી તરફ, દક્ષિણ આફ્રિકાનું ઉદાહરણ આપતા ડો. સેઠે કહ્યું કે, 'દક્ષિણ આફ્રિકામાં ઓમિક્રોનના કેસો ઝડપથી વધ્યા છે, પરંતુ મોત ઓછા થઈ રહ્યા છે. મને આશા છે કે, એવી જ સ્થિતિ આખી દુનિયામાં રહેશે.

# બ્રિટનમાં રેકોર્ડ ૭૮,૦૦૦ દૈનિક કેસ

**ઓમિક્રોન વેરિએન્ટના જોખમ વચ્ચે કોરોનાનો હાહાકાર : બ્રિટનમાં અત્યાર સુધીમાં ૧ કરોડ જેટલા લોકો કોરોનાથી સંક્રમિત થઈ ચુકયા છે**

લંડન, તા.૧૬

બ્રિટનમાં કોરોનાના નવા ઓમિક્રોન વેરિએન્ટના જોખમ વચ્ચે કોરોના હાહાકાર મચાવી રહ્યો છે. બ્રિટનમાંકોરોનાના દર્દીઓના તમામ રેકોર્ડ તુટી ગયા છે અને છેલ્લા ૨૪ કલાકમાંકોરોનાના નવા ૭૮૦૦૦ કેસ સામે આવ્યા બાદ સરકાર હચમચી ગઈ છે.બ્રિટનમાં અત્યારસુધીમાં એક કરોડ જેટલા લોકો કોરોનાથી સંક્રમિત થઈ ચુકયા છે .જ્યારેબ્રિટનની વસતી ૬.૭ કરોડ છે. પીએમ બોરિસ જોનસને બ્રિટનમાં કોરોનાસંક્રમણની તેજ લહેર સામે ચેતવણી આપી છે.જોકે સરકારે કોરોનાનો ફેલાવો રોકવામાટેના જે સૂચનો કર્યા હતા તેની સામે સંસદમાં ૧૦૦ કરતા વધારે સાંસદોએ મતદાનકરતા સરકારને ઝાટકો લાગ્યો છે.

અધિકારીઓનુ કહેવુ છે કે, બ્રિટન સહિતસમગ્ર યુરોપમાં ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે અનેતેના કારણે કોરોના વધારે ફેલાય તેમ છે.વિવિધ દેશોની સરકારો જો કોરોનાનેફેલાતો અટકાવવા માટે પ્રતિબંધો લાગુ કરશે તો લોકોને તહેવારો સમયે નિરાશથવાનો વારો આવશે.



# શશી થરૂર રાજકારણના રણબિર કપૂર : ટ્રોલર્સ

**કોંગ્રેસના નેતાએ હરનાઝ કૌરને મિસ યુનિવર્સ બનવા બદલ અભિનંદન પાઠવ્યા તે સાથે જ ટ્રોલર્સે નેતાને ઘેરી લીધા**



નવી દિલ્હી, તા.૧૬

ભારતની સુંદરી હરનાઝ કૌરે મિસ યુનિવર્સનો ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો છે. ૨૧ વર્ષ બાદ કોઈ ભારતીય દ્વારા આટલા મોટા મંચ પર ધ્વજ લહેરાવવામાં આવ્યો છે. આ પહેલા લારા દત્તાએ આ ખિતાબ જીત્યો હતો. પંજાબની રહેવાસી હરનાઝ કૌર ભારત પરત ફરી છે.

કોંગ્રેસી નેતા શશિ થરૂરે હરનાઝ કૌરને મળ્યા બાદ ટ્વિટર પર તસ્વીર શેર કરી હતી. બે તસ્વીર શેર કરતા શશિ થરૂરે લખ્યું હતું કે, હરનાઝને અભિનંદન આપતા આનંદ થઈ રહ્યો છે. શશિ થરૂરે જેવી આ પોસ્ટ સોશિયલ મીડીયા પર પોસ્ટ કરી કે, તરત જ યુઝર્સે કંઈક વિચિત્ર રિએક્શન આપવાનું શરૂ કરી દીધું હતું.

હરનાઝને જીતના અભિનંદન આપતાની સાથે જ સોશિયલ મીડિયા પર યુઝર્સે શશિ થરૂર પર કેટલાંય રીએક્શન આપવાનું શરૂ કરી દીધું છે. તરુણ જોશી નામના યુઝરે ટ્વિટ કર્યું કે, તમે પણ રાજકારણના રણબીર કપૂર છો.

એક બીજા યુઝરે કહ્યું કે, છોકરી છું, લડી શકુ છું કેમ્પેઈન માટે હરનાઝ બેસ્ટ છે. સત્યેન્દ્ર નામના યુઝરે લખ્યું હતું કે, સર પ્લીઝ એક મેસેજ ગ્રુપ કેપ્ટેન વરુણ સિંહ માટે પણ કરો. એક બીજા યૂઝરે ટ્વિટ કરીને કહ્યું કે, શું શશિ થરૂરે મેથેમૈટિક્સ નીના ગુપ્તાને અભિનંદન આપ્યા જેમણે રામાનુજન એવોર્ડ જીત્યો હતો.

# યુવતીઓની લગ્નની વય ૨૧ વર્ષ કરવા કેબિનેટની મંજૂરી

**યુવતીઓની લગ્નની કાયદાકીય વય વધારવા પગલું : વડાપ્રધાને આ બાબતે સંકેત આપતા સરકાર આ વિચારને અમલમાં મૂકવાની શરુઆત કરી રહી હોય તેમ લાગે છે**

નવી દિલ્હી, તા.૧૬

દેશમાં યુવતીઓ માટે લગ્નની કાયદાકીય ઉંમર વધારવાની દિશામાં સરકારેએક મહત્વનું પગલું લીધું છે. બુધવારના રોજ કેબિનેટની બેઠકમાં મોદી સરકારેમહિલાઓ માટે લગ્નની કાયદાકીય ઉંમર વધારીને ૨૧ વર્ષ કરવાના પ્રસ્તાવનેમંજૂરી આપી દીધી છે. દેશમાં પુરુષોની લગ્ન માટેની કાયદાકીય ઉંમર ૨૧ વર્ષછે. એક વર્ષ પહેલા સ્વાતંત્ર્ય દિવસના સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આબાબતે સંકેત આપ્યા હતા. હવે સરકાર આ વિચારને અમલમાં મૂકવાની શરુઆત કરી રહીહોય તેમ લાગી રહ્યું છે.



સૂત્રોદ્વારા પ્રાપ્ત જાણકારી અનુસાર, કેબિટનેટમાં મંજૂરી મળ્યા પછી સરકાર બાળલગ્ન અધિનિયમ ૨૦૦૬ તેમજ હિન્દુ લગ્ન અધિનિયમ ૧૯૫૫ જેવા કાયદામાં સંશોધનકરશે. કહેવામાં આવી રહ્યું છે કે જયા જેટલીની આગેવાની વાળી ટાસ્ક ફોર્સદ્વારા ડિસેમ્બર ૨૦૨૦માં નીતિ આયોગને પોતાનો પ્રસ્તાવ સોંપવામાં આવ્યો હતો.આ પ્રસ્તાવના આધારે કેબિનેટમા મંજૂરી આપવામાં આવી છે. આ ટાસ્ક ફોર્સનીરચના માતૃત્વની ઉંમરને લગતી બાબતો, માતાના મૃત્યુ દરને ઘટાડવાની જરુરિયાત, પોષણમાં સુધારને લગતી બાબતોની તપાસ માટે કરવામાં આવી હતી.

એકસમાચારપત્ર સાથેની વાતચીતમાં જયા જેટલીએ કહ્યું કે, હું ચોખવટ કરવા માંગુછું કે અમારા પ્રસ્તાવનો હેતુ વસતી નિયંત્રણમાં લાવવાનો બિલકુલ નથી.રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેના તાજેતરમાં જાહેર કરવામાં આવેલા આંકડાસ્પષ્ટપણે દર્શાવે છે કે પ્રજનન દરમાં ઘટાડો નોંધાયો છે અને વસતીનિયંત્રણમાં જ છે. મહિલાઓની લગ્નની ઉંમર ઘટાડવાનો વાસ્તવિક હેતુ મહિલાઓનેસશક્ત કરવાનો છે.

ઉલ્લેખનીયછે કે ગત નવેમ્બરમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે રાષ્ટ્રીય પરિવારકલ્યાણ સર્વેક્ષણ પના બીજા તબક્કાના આંકડા જાહેર કર્યા હતા. આ રિપોર્ટમાંદેશમાં પ્રજનન દરમાં ઘટાડો જોવા મળ્યો હતો. પ્રજનન દર ૨.૨ ટકાથી ઘટીને ૨ ટકા થઈ ગયો છે. વર્ષ ૨૦૦૫-૦૬માં નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ૩ દરમિયાન ટીએફઆર ૨.૭ હતો જે ૨૦૧૫-૧૬માં ઘટીને ૨.૨ થઈ ગયો હતો. આ ઘટાડો દર્શાવે છે કેદેશમાં નજીકના ભવિષ્યમાં વસતી વિસ્ફોટ નથી થવાનો.

# રસી નહીં તો, નોકરી નહીંનું ગુગલનું કર્મીઓ માટે નવું સૂત્ર

**કોરોનાના નિયમોનું પાલન કરાવવા કપરો નિર્ણય**

વોશિંગ્ટન, તા.૧૬

ગૂગલ કોરોનાના નિયમોનું પાલન ન કરનારા કર્મચારીને પગાર નહી આપે. આઉપરાંત જો કોઈ કર્મચારીએ કોરોનાની રસી લગાવી નથી તો તેની નોકરી જઈ શકે છેતેવી ચીમકી પણ આપી છે.

અમેરિકન ન્યૂઝ ચેનલના જણાવ્યા મુજબ ગૂગલદ્વારા આપવામાં આવેલા મેમોમાં જણાવાયું છે કે કર્મચારીઓની પાસે રસીકરણનીસ્થિતિ જાહેર કરવા અથવા પુરાવો આપતા દસ્તાવેજ અપલોડ કરવા અથવા તબીબી કેધાર્મિક રાહત માટે અરજી કરવા ત્રણ ડિસેમ્બર સુધીનો સમય હતો.

ઉલ્લેખનીયછે કે કોરોનાની રસીના બંને ડોઝ લીધા પછી તાજેતરમાં ૪૦ ટકા અમેરિકનકર્મચારીઓ ઓફિસ પરત આવ્યા છે. પણ હવે ઓમિક્રોનના લીધે ફરીથી વર્ક ફ્રોમ હોમજેવી સ્થિતિ સર્જાઈ છે.

ગૂગલે જણાવ્યું હતું કે તે ત્રીજી તારીખપછી તે કર્મચારીઓનો સંપર્ક સાધવાનું શરૂ કરશે જેમણે પોતાનું સ્ટેટસ અપલોડકર્યુ નથી અથવા તો જેણે રસી લીધી નથી. ગૂગલે જણાવ્યું હતું કે જેકર્મચારીઓએ ૧૮ જાન્યુઆરી સુધી રસીકરણના નિયમોનું પાલન કર્યુ નથી તો તેમને૩૦ દિવસની પેઈડ એડમિનિસ્ટ્રેટિવ લીવ પર રાખવામાં આવશે. તેના પછી છ મહિનાસુધી અનપેઈડ પર્સનલ લીવ તથા પછી સેવા પૂરી કરી દેવાશે.

# ટીમ ઈન્ડિયા દ.આફ્રિકાના પ્રવાસ માટે રવાના થઈ

**ખેલાડીઓની તસવીરો બોર્ડે શેર કરી : ભારત ૮મી ટેસ્ટ સિરિઝ રમશે, આફ્રિકાની ધરતી પર ટેસ્ટ સિરિઝની જીતનો દુકાળ દુર કરશે તેવી ચાહકોને અપેક્ષા**

મુંબઈ, તા.૧૬

વિરાટ કોહલીએ ગઈકાલે યોજલી પ્રેસ કોન્ફરન્સ બાદ આજે ભારતીય ટીમ મુંબઈથી સાઉથ આફ્રિકાના પ્રવાસે રવાના થઈ હતી. ટીમઈન્ડિયા મુંબઈથી જોહાનિસબર્ગ પહોંચશે.ટીમ ઈન્ડિયાના ખેલાડીઓની તસવીરોક્રિકેટ બોર્ડે પોતાના ટ્વિટર એકાઉન્ટ પર શેર કરી હતી.જેમાં ખેલાડીઓ હળવામૂડમાં દેખાયા હતા.

ટીમ ઈન્ડિયા સાઉથ આફ્રિકામાં આઠમી ટેસ્ટ સિરિઝરમશે અને અત્યાર સુધી સાઉથ આફ્રિકાની ધરતી પર ટેસ્ટ સિરિઝની જીતનો દુકાળદુર કરશે તેવી અપેક્ષા છે.

ટીમ ઈન્ડિયા ત્રણ ટેસ્ટની સિરિઝ રમવાની છે.પહેલી ટેસ્ટનો ૨૬ ડિસેમ્બરથી સેન્ચુરિયનમાં પ્રારંભ થવાનો છે.

કોહલીએઆ પહેલા કહ્યુ હતુ કે, સાઉથ આફ્રિકા એવી જગ્યા છે જ્યાં અત્યાર સુધી અમેએક પણ ટેસ્ટ સિરિઝ જિત્યા નથી અને આ વખતે ટેસ્ટ સિરિઝ જીતવા માટે કટિબધ્ધ છીએ.

## દેશમાં ૭૯૭૪ નવા કેસ નોંધાયા

નવી દિલ્હી, તા.૧૬

ભારતમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે. દેશમાં સળંગ ૧૯માં દિવસે કોરનાના નવા કેસ ૧૦ હજારથી નીચે રહ્યા છે. દેશમાં હજુ પણ કેરળમાં સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૭૯૭૪ નવા કેસ નોંધાયા છે અને ૩૪૩ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. ૭૯૪૮ લોકો કોરોના સામે જંગ જીત્યા છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૮૭,૫૬૨ પર પહોંચી છે. રિકવરી રેટ ૯૯ ટકા જેટલો છે, જે માર્ચ ૨૦૨૦ પછી સૌથી વધારે છે. દેશમાં નોંધાયેલા કુલ કેસ પૈકી કેરળમાં ૩૮૯૮ કેસ નોંધાયા છે.

# કુલગામ ખાતે સેના દ્વારા બે આંતકવાદીઓ ઠાર

નવી દિલ્હી, તા.૧૬

દક્ષિણકાશ્મીરના કુલગામ જિલ્લાના રેડવાની બાલા વિસ્તારમાં ગઈકાલે મોડી રાતથીચાલી રહેલી આતંકવાદી સંગઠન હિઝબુલ મુઝાહિદીનના મોસ્ટ વોન્ટેડ આતંકવાદીફિરોઝ અહમદને મારી નાખ્યો હતો. એપ્લસ કેટેગરીનો ઉજરામપથરી ગામમાં આતંકવાદીઓની હાજરીની માહિતી મળતા મંગળવારેમોડી રાત્રે તે વિસ્તારને ઘેરીને સુરક્ષા દળો દ્વારા આત્મસમર્પણ કરવા માટે ઘણું કહેવામાંઆવ્યું પરંતુ તેઓ જવાનો પર ફાયરિંગ કરતા રહ્યા. જવાબી કાર્યવાહીમાં શરૂથયેલી

**દક્ષિણ કાશ્મીરમાં સેનાનું ઓપરેશન જારી : માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી ૧ એકે રાઈફલ, ૩ મેગેઝિન અને બીજી કેટલીક વાંધાજનક સામગ્રીઓ મળી**

અથડામણમાં ગુરૂવાર સવાર સુધીમાં ૨ આતંકવાદીઓનો સફાયો કરીદેવામાં આવ્યો છે અને તેઓની ઓળખ કરવામાં આવી રહી છે. હજુ જવાનો મોરચા પર છેઅને અભિયાન ચાલુ છે. આ અગાઉ બુધવારે દક્ષિણ કાશ્મીરના પુલવામાં જિલ્લામાંસુરક્ષા દળોએ આ આતંકવાદી તે વિસ્તારમાં ૨૦૧૭ના વર્ષથી સક્રિય હતો અનેકેટલાંય ગુનાઓમાં સામેલ હતો. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી ૧ એકે રાઈફલ, ૩ મેગેઝિન અને બીજી કેટલીક વાંધાજનક સામગ્રીઓ મળી આવી છે. પોલીસે જણાવ્યુંકે, જિલ્લાના તપાસ અભિયાન ચલાવવામાંઆવ્યું છે. ઘેરોસખત હોવાના કારણે એક મકાનમાં છુપાયેલા આતંકવાદીએ ફાયરિંગ કરીને ભાગવાનોપ્રયત્ન કર્યો હતો પરંતુ સુરક્ષા દળોએ તેનો પ્રયત્ન નિષ્ફળ બનાવ્યો હતો.એસઓપીનું પાલન કરીને આતંકવાદીઓને અથડામણમાં તેમને મારવામાં સફળતા મળી છે.

પોલીસનાજણાવ્યા અનુસાર માર્યા ગયેલા આતંકવાદીની ઓળખ શોપિયાંના હેફ શિરમાલનારહેવાસી ફિરોઝ અહમદ ડાર તરીકે થઈ છે જે એ પ્લસ કેટેગરીનો આતંકવાદી હતો.હિઝબુલ મુઝાહિદીનનો આ આતંકવાદી ૨૦૧૭થી સક્રિય હતો. આઈજી વિજય કુમારના જણાવ્યા અનુસાર ફિરોઝને મારી નાખવામાં આવ્યો તે સુરક્ષા દળો માટે મોટીસફળતા છે.

જોઈએ છે
એમ.બી.એ. માર્કેટીંગ - ૧
ડેટા ઓપરેટર - ૨
દિન-૭માં અરજીઓ કરવી.
પોસ્ટ બોક્ષ નં.- ૧૦૦૨

તાત્કાલિક જરૂર છે
● ઓફિસ કોર્ડીનેટર (કોમ્પ્યુટર અને અંગ્રેજીના જાણકાર)
● એકાઉન્ટર ઓફિસર (અનુભવી અને ટેલી સોફ્ટવેર જાણકાર)
● હાઈઝ કીપીંગ માટે કપલ (ઘરકામ અને ઓફિસ કામ માટે)
SINCE-1984
મિનાક્ષી એન્ટરપ્રાઈઝ
મળવાનો સમયઃ ૨ થી ૫ બપોરે
ફોન નં. ૯૮૨૪૦ ૩૧૯૯૯
૩૮૧, મિનાક્ષી, તૃપ્તી પાર્લરની બાજુમાં, સે.૧૬, ગાંધીનગર